**આંક – ૭**

**કુ. આર. કે. સોલંકી, પ્રમુખ અધિકારીશ્રી, શ્રમ અદાલત, ગોધરા.**

**પરચુરણ અરજી નં. ૧ / ૨૦૧૯**
**ઈન**
**રેફરન્સ નં. ૪૫૬ / ૨૦૦૦**

**અરજદાર** :– મેનેજરશ્રી
કે.કે.ઈન્ટરલાઈનીંગ મેન્યુ કં.લી.
મુ.આનંદપુરા,પો.બાસ્કા,તા.હાલોલ,જી.પંચમહાલ.

**– :: વિરૂઘ્ધ :: –**

**સામાવાળા** :– શ્રી અરવિંદભાઈ ચંદુભાઈ જાદવ
રહે.ગરઘીયા,તા.સાવલી,જી.વડોદરા.
C/o પંચમહાલ કામદાર યુનિયન
ગોધરા,જી.પંચમહાલ.

**<u>પ્રતિનિધિત્વ</u>** :–
અરજદાર તરફે :– વિઘ્વાન વકીલશ્રી એસ.એ.ભોઈ
સામાવાળા તરફે :– પ્રતિનિધિશ્રી યુ.આર.પરીખ

**<u>વિલંબ માફની અરજી લગત હુકમ</u>**

**(૧)** હાલના અરજદારે આ અરજી પરચુરણ અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે કરેલ છે.

અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે આ કામના સામાવાળાએ ઔદ્યોગિક અધિનિયમ–૧૯૪૭ હેઠળ નોકરીમાં પુનઃસ્થાપિત થવાનો રેફરન્સ કેઈસ નં.૪૫૬/૨૦૦૦ દાખલ કરેલ જે કેઈસ અરજદાર સંસ્થાની ગેરહાજરીમાં એકતરફી ચાલી જતા નામદાર કોર્ટે તા.૨૧/૦૨/૨૦૧૮ ના રોજ એકતરફી એવોર્ડ પસાર કરેલ છે તેથી તે એવોર્ડ રદ કરવા હાલની અરજી કરવાની ફરજ પડેલ છે તેમ જણાવેલ છે.

અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે સદરહુ એવોર્ડ સામે પરચુરણ અરજી એવોર્ડ પ્રસિધ્ધ થયાથી દિન–૩૦ માં દાખલ કરવી જોઈતી હતી પરંતુ આ અરજી દાખલ કરવામાં આશરે ૮ માસ અને ૧૦ દિવસનો વિલંબ થયેલ છે તેથી હાલની વિલંબ માફ કરવાની અરજી આપવાની ફરજ પડેલ છે તેમ જણાવેલ છે.

અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે અરજદાર સંસ્થાને તેમની વિરૂધ્ધ થયેલ હુકમ તેમજ પ્રસિધ્ધ થયેલ એવોર્ડની જાણ થયેલ નહી તેમજ એવોર્ડની નકલ મોડી મળેલ હતી. જેથી આ એવોર્ડની જાણ મોડી થયેલ હોવાથી સંસ્થાને એડવોકેટને મળતા તેઓને મુળ રેફરન્સની ખરી નકલો માંગીને સદરહુ હુકમ સામે પરચુરણ અરજી દાખલ કરવી પડશે તેવુ જણાવતા સદર એવોર્ડ તથા હુકમનો અભ્યાસ કરીને અરજી દાખલ કરવામાં વિલંબ થયેલ છે. જે વિલંબ વ્યાજબી કારણસરનો હોઈ માફ થવાને પાત્ર છે. સદરહુ વિલંબ અંગે અરજદાર સંસ્થાનો કોઈ બદઈરાદો નથી. જે વિલંબ થયેલ છે તે શુધ્ધબુધ્ધિ પૂર્વકના વ્યાજબી કારણસર થયેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટોએ પણ દરેક પક્ષકારોને ગુણદોષ ઉપર તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ તક આપવી જોઈએ તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે. જો વિલંબ માફની અરજી મંજુર કરવામાં આવે તો સામાવાળા શ્રમયોગીને કોઈ નુકશાન થવાની સંભાવના નથી ઉલટાનું સચોટ ન્યાયનિર્ણય કરવામાં સહાય તેમ છે. જયારે અરજી નામંજુર કરવામાં આવે તો અરજદાર સંસ્થાને જે ગુજરાત રૂલ્સના નિયમ–૨૬ એ મુજબની અરજી કરવાનો હકક મળેલ છે તે હકક–અરજી નિરર્થક બને તેમ છે તેમ જણાવી અરજદાર સંસ્થાની વિલંબ માફ કરવાની અરજી મંજુર કરી મુળ પરચુરણ અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા માંગણી કરેલ છે.

(૨) આંક–૪ થી સામાવાળાને કાઢવામાં આવેલ નોટીસ છે.

આંક–૬ થી સામાવાળા તરફે અગાઉ મુળ રેફરન્સમાં બીજા પક્ષકારના પ્રતિનિધિ તરીકે હતા અને હાલની પરચુરણ અરજીમાં પણ સામાવાળાના પ્રતિનિધિ તરીકે ચાલુ રહેવા તથા વિલંબ માફની અરજીમાં કોઈ જવાબ રજુ કરવા માંગતા નથી તેવુ પુરસીસ આપી જાહેર કરેલ છે.

સદર કામે અરજદાર સંસ્થા તરફે વિધ્વાન એડવોકેટ **શ્રી એસ.એ.ભોઈ** તથા સામાવાળા તરફે પ્રતિનિધિ **શ્રી યુ.આર.પરીખ**ની મૌખિક દલીલો સાંભળી સદર કેસ વિલંબ માફની અરજીને હુકમ ઉપર લેવામાં આવે છે.

(૩) આ કામના અરજદાર સંસ્થાનું સામાવાળા કામદારે ઔદ્યોગિક અધિનિયમ—૧૯૪૭ હેઠળ નોકરીમાં પુનઃસ્થાપિત થવાનો રેફરન્સ કેઈસનં.૪૫૬/૨૦૦૦ દાખલ કરેલ હોવાનું; જે કેઈસ અરજદાર સંસ્થાની ગેરહાજરીમાં એકતરફી ચાલી જતા નામદાર કોર્ટે તા.૨૧/૦૨/૨૦૧૮ ના રોજ એકતરફી એવોર્ડ પસાર કરેલ હોવાનું; સદરહુ એવોર્ડ સામે પરચુરણ અરજી એવોર્ડ પ્રસિધ્ધ થયાથી દિન—૩૦ માં દાખલ કરવી જોઈતી હોવાનું; પરંતુ આ અરજી દાખલ કરવામાં આશરે ૮ માસ અને ૧૦ દિવસનો વિલંબ થયેલ હોવાનું; સંસ્થાને તેમની વિરૂધ્ધ થયેલ હુકમ તેમજ પ્રસિધ્ધ થયેલ એવોર્ડની જાણ થયેલ નહી તેમજ એવોર્ડની નકલ મોડી મળેલ હોવાનું; સંસ્થાના એડવોકેટને મળતા તેઓએ મુળ રેફરન્સની ખરી નકલો માંગીને સદરહુ હુકમ સામે પરચુરણ અરજી દાખલ કરવી પડશે તેવુ જણાવેલ હોવાનું તથા સદર એવોર્ડ તથા હુકમનો અભ્યાસ કરીને અરજી દાખલ કરવામાં ૮ માસ અને ૧૦ દિવસનો વિલંબ થયેલ છે તેવુ કથન છે.

સામાવાળા આ હકીકતોથી વિપરીત હકીકતો પ્રસ્થાપિત કરી શકેલ નથી. જયારે અરજદારે તેમની અરજીના સમર્થનમાં સોગંદનામું કરેલ છે. તેથી અરજદારે જણાવેલ હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી. આથી અરજદાર વ્યાજબી કારણસર સમય મર્યાદામાં પરચુરણ અરજી દાખલ કરી શકેલ નથી તેવું અત્રેની અદાલત માને છે.

વધુમાં કાયદાકીય પ્રસ્થાપતિ સિધ્ધાંતો અનુસાર વિલંબ માફની અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતોએ બહુ ટેકનીકલ ન બનતા "લીબરલ વ્યું" અપનાવવો જોઈએ.

વધુમાં જો અરજદારની વિલંબ માફ કરવાની અરજી મંજુર કરી મૂળ પરચુરણ અરજી દાખલ કરી તેનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે તો સામાવાળા શ્રમયોગીને નાણાંથી ભરપાઈ ન થાય તેવુ કોઈ નુકશાન થાય તેમ નથી. જયારે અરજદાર સંસ્થાની વિલંબ માફની અરજી નામંજુર કરવામાં આવે તો અરજદારને અન્યાય થાય તેમ છે. આમ, તમામ હકીકતો ધ્યાનમાં લેતાં અરજદારની વિલંબ માફની અરજી મંજુર કરવા યોગ્ય, વ્યાજબી અને પુરતા કારણો છે તેવુ અત્રેની અદાલત માને છે.

(૪) સદર કામે અરજદાર સંસ્થાની વિલંબ માફ કરવાની અરજી મંજુર કરી મૂળ પરચુરણ અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય કરવાનું ઠરાવેલ છે ત્યારે સામાવાળા શ્રમયોગીને તેમના કોઈપણ જાતના વાંક—ગુન્હા સિવાય પરચુરણ અરજીમાં ઢસડાવું પડે તેમ છે અને આર્થિક નુકશાન ભોગવવું પડે તેમ છે. તે સંજોગોમાં સામાવાળા શ્રમયોગીને વ્યાજબી ખર્ચ અપાવવો જોઈએ તેવું અત્રેની અદાલત માને છે. કેસની હકિકત ધ્યાને લેતા જો શ્રમયોગીને વિલંબ માફની અરજી અન્વયે ખર્ચના

રૂા.૪,૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા) અપાવવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહેશે તેવું અત્રેની અદાલત માને છે.

ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

**(૧)** અરજદારની વિલંબ માફની અરજી મંજુર કરવામાં આવે છે અને પરચુરણ અરજી દાખલ કરી તેનો ગુણદોષ ઉપર નિર્ણય કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદાર સંસ્થાએ સામાવાળા શ્રમયોગીને આ અરજી અન્વયે ખર્ચના **રૂા.૪,૦૦૦/–** (અંકે રૂપિયા ચાર હજાર પુરા) આ હુકમની જાણ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવા અથવા ડિમાન્ડ ડ્રાફટથી અત્રેની અદાલતમાં જમા કરાવવા તેવો હુકમ કરવામાં આવે છે.

**(૩)** મૂળ પરચુરણ અરજીની આગામી મુદત **તા.૧૦/૦૬/૨૦૧૯** રાખવામાં આવે છે.

સદર તારીખે તમામ પક્ષકારોને હાજર રહેવા જણાવવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૦૮/૦૫/૨૦૧૯**

**( કુ. રમીલાબેન કેશવલાલ સોલંકી )**
**GJ 00791**
**ન્યાયાધીશ**
**શ્રમ અદાલત, ગોધરા.**